અપીલ અરજી નં.૨૭ તા.૩૦–૪–૦૮

અરજદારઃ શ્રી અશોકકુમાર કે. મુંજાણી
સામાવાળાઃડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી

***હુકમઃ***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી અશોકકુમાર કે. મુંજાણીનીતા.૧૯–૩–૦૮ની અરજીથી મુદ્દા નં.પ અંગે " સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના મહેકમ વિભાગના ઓફિસ ઓર્ડર નં.જીએડી/ઈએસટી/પ૮૮ તા.૨૬–પ–૦૩ ની પ્રમાણિત નકલ આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૩૦–૪–'૦૮ ની અપીલ અરજી.૨૭/૨૦૦૮–૦૯

શ્રી અશોકકુમાર કે. મુંજાણીની તા.૧૯–૩–૦૮ની અરજીથી મુદ્દા નં.પ અંગે " સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના મહેકમ વિભાગના ઓફિસ ઓર્ડર નં.જીએડી/ઈએસટી/પ૮૮ તા.૨૬–પ–૦૩ ની પ્રમાણિત નકલ આપવા બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર (પ અને ઈ) મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી / ૧૨૨ તા.૯–૪–૦૮ થી સ્મીમેર કોલેજ સંદર્ભે જણાવેલ ઓર્ડર તૈયાર કરવામાં આવેલ. પરંતુ તેને પરિપત્રિત કરવામાં આવેલ નથી કે તે અંગે કોઈ નિમણુંક મેમો કાઢવામાં આવેલ નથી.જેથી જણાવેલ ઓફિસ ઓર્ડરની યથાર્થતા રહેતી નથી એમ જણાવેલ જે માહિતીથી નારાજ થઈ અરજદારે એપેલેટ ઓફિસરને તા.૩૦–૪–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો પહોંચતી કરવા પ્રત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૦૨ તા.પ–પ–૦૮થી ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને જાવક નં./જીએડી/ઈએસટી/૬૧૨ તા.૧૬–પ–૦૮ થી પૂરી પાડેલ માહિતીમાં તેઓ કક્ષાએથી અરજદારને પાઠવેલ પત્રની નકલ સાથે માંગેલ માહિતીની નકલ જણાય છે. પરંતુ તે નકલ અરજદારને આપ્યાની કોઈ વિગતો સામેલ નથી કે તેના ઈન્કાર માટે કોઈ અપવાદનું વાજબીપણું સામેલ નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૯–૩–૦૮ની માહિતી માંગતી અરજીથી ઓફિસ ઓર્ડરની નકલ માંગેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨ હેઠળ માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેના અથવા તો તેના નિયંત્રણ હેઠળના દસ્તાવેજ કે દફતરની પ્રમાણિત નકલ મેળવવાનો સમાવેશ થાય છે સિવાય કે જાહેર માહિતી અધિકારી ધ્વારા તેને કલમ–૮ અને ૯ ના અપવાદ હેઠળ ઈન્કાર કરેલ હોય પ્રસ્તુત કિસ્સામાં તેવો કોઈ ઈન્કાર ચોકકસ અપવાદ હેઠળ થયેલ જણાતો નથી. તે સંજોગોમાં ઉપલબ્ધ દફતરી માહિતી અરજદાર મેળવવા હકદાર રહે. તે ધ્યાને લઈ અરજદારે માંગેલ નકલ કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –પ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી, ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અશોક કે. મુંજાણી,